પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના અંતર્ગત મનરેગા હેઠળ ૯૦ દિવસની બિનકુશળ રોજગારી તેમજ શૌચાલય સહાય ચૂકવવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૭/૨૬૨૯૧૮/અ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.03/૦૮/૨૦૧૮

<u>વંચાણે લીધા</u>:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૮/૦૧/૨૦૦૪નો ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૪૯૭/ન.બા.૧/અ
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૦/૦૪/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૮/૨૬૨૯૧૮/અ-૧
(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૦/૦૫/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૮/૨૭૬૪૯/અ-૧
(૪) મનરેગા યોજના અધિનિયમ ૨૦૦૫

<u>આમુખ</u> :

આમુખમાં વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના આ વિભાગના તા.૨૮/૦૧/૨૦૦૪ના ઠરાવથી વિકસતિ જાતિ કલ્યાણ ખાતા દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, વિચરતિ અને વિમુક્ત જાતિઓ અને આર્થિક રીતે પછાત વર્ગ માટે વ્યક્તિગત મકાન સહાયની પંડીત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનાનો અમલ કરવામાં આવે છે. આમુખમાં વંચાણે લીધેલ ક્રમાંક : (૨) પરના આ વિભાગના તા.૨૦/૦૪/૨૦૧૮ના ઠરાવથી સહાયનું ધોરણ રૂ.૭૦,000/- થી વધારી રૂ.૧,૨૦,000/- કરવામાં આવેલ છે. આમુખમાં વંચાણે લીધેલ ક્રમાંક : (૩) પરના આ વિભાગના તા.૩૦/૦૫/૨૦૧૮ના ઠરાવથી આ યોજના હેઠળ મકાનની ખર્ચની ટોચમર્યાદા તેમજ સહાય ચૂકવવાની પધ્ધતિ નિયત કરવામાં આવેલ છે.

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા અમલિત પંડિત દીન દયાળ ઉપાધ્યાય આવાસ યોજનામાં રૂ.૧,૨૦,૦૦૦/- સહાય આપવામાં આવે છે. જ્યારે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મહાત્મા ગાંધી નરેગા (MGNREGA) યોજના હેઠળ આવાસ બાંધકામ માટે ૯૦ દિવસની બિનકુશળ રોજગારી તથા શૌચાલય બાંધકામ માટે રૂ.૧૨,૦૦૦/- સહાય આપવામાં આવે છે. આમ, પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ લાભાર્થીને અંદાજિત કુલ રૂ.૧,૨૦,૦૦૦ + રૂ.૧૬,૯૨૦ + રૂ.૧૨,૦૦૦ = રૂ.૧,૪૮,૯૨૦/- સહાય મળવાપાત્ર થાય છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની સમાન પ્રકારની યોજનાઓ વચ્ચે વિસંગતતા દૂર કરવા અંગે પ્રજા અને પ્રજાના પ્રતિનિધિઓ તરફથી સરકારમાં વખતો વખત રજૂઆતો કરવામાં આવેલી હતી. આથી આ વિસંગતતા દૂર કરવા વિકસતિ જાતિ કલ્યાણ ખાતા દ્વારા અમલિત પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનામાં મહાત્મા ગાંધી નરેગા (MGNREGA) યોજના હેઠળ આવાસ બાંધકામ માટે ૯૦ દિવસની બિનકુશળ રોજગારી તેમજ શૌચાલય પેટે રૂ.૧૨,૦૦૦/- સહાય આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે વિકસતી જાતિ કલ્યાણ ખાતા દ્વારા અમલિત પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના માટે મનરેગા યોજનાના અધિનિયમ ૨૦૦૫ મુજબ આવાસની નિર્ધારિત યુનિટ કોસ્ટ એટલે કે રૂ.૧,૨૦,૦૦૦/- ઉપરાંત ૯૦ દિવસની બિનકુશળ રોજગારી પણ આપવાનું ઠરાવવામાં આવે છે. આ લાભ મનરેગા યોજનાના અધિનિયમ-૨૦૦૫ શીડ્યુલ-૧ ના પેરા નં.૫ માં વ્યક્તિગત કામોની પાત્રતા ધરાવતા હોય તેવા લાભાર્થીઓને જ આપી શકાશે. સ્વચ્છ ભારત મિશનના કાર્યક્રમને વેગ આપવા માટે પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનામાં સ્વચ્છ ભારત મિશનની નિયત ડીઝાઇન મુજબ રૂ.૧૨૦૦૦/- લેખે વ્યક્તિગત શૌચાલય બાંધકામ મનરેગા યોજના હેઠળ કરવાનું ઠરાવવામાં આવે છે. સદરહુ બાબતે શૌચાલય માટે મનરેગા યોજના હેઠળ ફંડ વાપરવામાં આવતું હોય ત્યાં સ્વચ્છ ભારત મિશનનું ફંડ વાપરી શકાશે નહીં. આ યોજના હેઠળના લાભાર્થીઓનો બેઝલાઇન સર્વેમાં સમાવેશ ન થયેલ હોય તેમજ સ્વચ્છ ભારત મિશન કે અન્ય યોજના હેઠળ આવરી લેવાયેલ ન હોય તે બાબતની ચોકસાઇ કરી લેવાની રહેશે.

આ પ્રકારના કામો મંજુર કરતા સમયે જિલ્લા કક્ષાએ જાળવવાના થતા મનરેગા યોજનાના મજુરી-માલસામાનનો રેશિયો (૬૦:૪૦) તેમજ NRM અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરનાં કામોનો

રેશિયો (૬૫:૩૫) જિલ્લા કક્ષાએ જાળવવાનો રહેશે. પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનાની અન્ય શરતો/જોગવાઇઓ યથાવત રહેશે. સદરહુ ઠરાવનો અમલ જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.ક.)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા.ક.)એ સંબંધિત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી/જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતના સહયોગથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સચિવશ્રી, ગ્રામ વિકાસની તા.૦૨/૦૭/૨૦૧૮ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું,
ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

**નકલ સવિનય રવાના :**

(૧) માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
(૨) માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
(૩) માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
(૪) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
(૫) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
(૬) અગ્ર સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સા.ન્યા.અને અ.વિભાગ,સચિવાલય, ગાંધીનગર
(૭) સચિવશ્રી (ગ્રા.વિ.)ના અંગત મદદનીશશ્રી, પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ.વિ., સચિવાલય, ગાંધીનગર
(૮) અધિક સચિવશ્રી/સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી(તમામ), સા.ન્યા.અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર

(૯) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
(૧૦) પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર
(૧૧) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
(૧૨) નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
(૧૪) સર્વે ઉપ સચિવશ્રી, સા.ન્યા.અને.અ.વિ., સચિવાલય, ગાંધીનગર
(૧૫) સેકશન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ), સા.ન્યા.અને.અ.વિ., સચિવાલય, ગાંધીનગર વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ
(૧૬) સર્વે શાખાઓ, સા.ન્યા.અને.અ.વિ., સચિવાલય, ગાંધીનગર
(૧૭) નિયામકશ્રી (વિ.જા.ક.), ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર- જિલ્લા કક્ષાએ પરિપત્રિત કરવાની વિનંતી સહ.
(૧૮) સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
(૧૯) સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
(૨૦) શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૧૮